# કામ માંગો

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી અધિનિયમ (મનરેગા) અંતર્ગત વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી મળશે



## ના મશીન – ના કોન્ટ્રાક્ટર, રોજગાર ગેરંટી મજૂરોનો અધિકાર

**કામ કરવા ઈચ્છતા કુટુંબના ૧૮ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ પોતપોતાના માટે જોબ કાર્ડ ગ્રામ પંચાયતમાં આવેદન કરી મેળવી લેવું.**

જોબ કાર્ડની સાથે સાથે બેંક ખાતુ ખોલાવો અને આધાર સાથે લીંક કરાવો. મજૂરીની ચુકવણી સીધા પોતપોતાના બેંક ખાતામાં થાય છે. જોઈ લો, જોબકાર્ડ, આધાર અને બેંક ખાતામાં કોઈ તફાવત નથી ને?

લેખિતમાં કામની માગણી ગ્રામ રોજગાર સેવક, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત (કોઈને પણ) ફોર્મ ભરીને કામ માટે માગણી કરો અને પાવતી લો.

**૧૫ દિવસમાં કામ ના મળે તો બેરોજગારી ભથ્થુ માંગો.**

કામ કર્યાના ૧૫ દિવસમાં ચુકવણું અને કામ કર્યું હોય તે મુજબનું ચૂકવણું.

કાર્યસ્થળે પીવાનાં પાણી, બાળસંભાળ તથા પ્રાથમિક સારવાર જેવી સુવિધાઓની માગણી કરો અને અકસ્માત થાય તો વળતર માંગો. જોઈ લો, શું તમારું નામ મસ્ટર રોલમાં છે?

**તો ચાલો, સાથે મળીને કામ માગીએ અને પોતાના જ ગામમાં રોજગાર મેળવીએ તથા ગામ વિકાસ માટે સંસાધનો બનાવીએ.**

ઉન્નતિ

ઉન્નતિ

સહયોગ માટે નાગરિક સહયોગ કેન્દ્ર
ભચાઉ – ૯૫૧૦૭૮૬૫૩૯ અને પોશિના – ૬૩૫૧૮૪૫૧૯૯ નો સંપર્ક કરો.